**ઈનસોલ્વંશી પીટીશન નં. ૪ / ૨૦૧૩.**

**-: આંક- ૧ લગત હુકમ:-**

**(૧)** આ કામે રેકર્ડ જોતા અરજદારે હાલની પીટીશન / અરજી દાખલ કરેલ. બાદ સામાવાળાને નોટીસ કરવા પર રાખેલ. ત્યારબાદ સામાવાળા નં.૧, ૫ અને ૬ હાજર થયેલ અને સામાવાળા નં. ૫ અને ૬ તેઓએ આ અરજી માંથી તેઓને ડીલીટ કરવા અરજી આપેલ. બાદ બીજા સામાવાળાને બજવા પર કામ મુલતવી રાખેલ. રેકર્ડ જોતા બાદ અરજદાર કે તેના પ્રતિનીધી હાજર રહેતા ન હોય આથી અરજદારને તા. ૧૪-૦૯-૧૭ ના રોજ ની નોટીસ કરવામાં આવેલ. જે નોટીસમાં અરજદાર ભાડે થી આ મકાન માં રહેતા હોય અને તેઓ ખાલી કરીને જતા રહેલ હોય અને કયાં ગયેલ છે તેની કોઈપણ સ્થાનીક ઈસમો ચૌકકસ જણાવી શકતા નથી તેથી વગર બજે પરત ફરેલ. જે આંક-૧૩ થી રજુ થયેલ છે. રેકર્ડ તથા રોજકામ જોતા ત્યારબાદ અરજદાર તરફે કોઈ હાજર ન રહેતા તા. ૨૨-૦૪-૧૭ ના રોજ અરજદારને નોટીસ કરવામાં આવેલ. જે નોટીસ અરજદારને વગર બજે પરત ફરેલ. જે આંક-૧૪ થી રજુ થયેલ છે. જેમાં પણ અરજદાર મળી આવેલ નથી અને સ્થાનીક ઈસમો ને પુછપરછ કરતા જણાવેલ છે કે અરજદાર ભાડુત તરીકે રહેતા હતા અને તેઓ ઘર ખાલી કરી બીજે રહેવા જતા રહેલ છે અને કયાં રહેવા ગયેલ છે તેની ખબર નથી. વળી અરજદારની અરજી માં પણ તેઓ ભાડુત તરીકે રહેતા હોવાની હકીકત જણાવેલ છે. આજરોજ પણ અરજદાર તથા તેમના પ્રતિનિધીશ્રી નો અવાર નવાર પોકાર કરાવતાં કોઈ હાજર નથી કે કોઈ રીપોર્ટ કે રજુઆત નથી. જેથી અરજદારની કસૂરના કારણે

આ અરજી સંબંધે આગળ કાર્યવાહી ચાલી શકતી ન હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

// **હુ ક મ** //

– અરજદારની ગેરહાજરી કસૂરના કારણે આ અરજી "ડીસમીસ" કરવાનો હુકમ કરવામાં આવે છે.

– ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ ૨૨ મી માહે એપ્રીલ, સને ૨૦૧૯ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૨/૦૪/૨૦૧૯.
મુ. વડોદરા.

( એ. જી. ઓઝા )
૨૦ માં એડીશનલ સીનીયર સીવીલ જજ,
વડોદરા. જીજે૦૦૮૩૯.